**બી. સમરી કેસ નં. ૦૬/૨૦૨૬**
**બી. સમરી (CIS) નં.૦૧/૨૦૨૬**

**// આંક – ૦૧ લગત હુકમ //**

(૦૧) સદર કામમાં આ કામનાં આરોપી ભરતભાઈ ભગવાનજીભાઈ બાંભવા સામે પડધરી પોલીસ સ્ટેશન પાર્ટ–ફર્સ્ટ ગુ.ર.નં. ૧૧૨૧૩૦૪૨૨૫૦૨૦૧/ ૨૦૨૫ નાં કામે બી.એન.એસ. ની કલમ–૧૧૮(૨), ૧૮૯(૨)(૪), ૧૯૧(૨)(૩), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ અને તે ગુન્હાનાં કામે તપાસ કરનાર અધિકારીએ વર્ગ–બી સમરી મંજુર કરવા બાબતે સદર કોર્ટમાં રજુ કરેલ છે.

(૦૨) સદર કામે વર્ગ–બી સમરી મંજુર કરવા બાબતનો રીપોર્ટ આવતા ફરિયાદીને નોટીસ કરવામાં આવેલ. સદર નોટીસ ફરિયાદીને બજ્યા બાદ તેઓ જાતે કોર્ટ રૂબરૂ હાજર રહીને આંક–૦૨ થી પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, સદરહું કામે તેઓને કોઈ જ વાંધા–જવાબ આપવા નથી અને સદર સમરી તેઓ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે. જેથી તેઓને વર્ગ–બી સમરી મંજુર કરવા બાબતે કોઈ વાંધો ન હોવાનું પ્રથમદર્શનીય રીતે માનવાને કારણ રહે છે.

(૦૩) તેમજ, સદર કામે રજુ કરવામાં આવેલ વર્ગ–બી સમરી રીપોર્ટને ધ્યાને લેવામાં આવે તો સદર રીપોર્ટમાં જણાવેલ છે કે, ફરિયાદીએ ફરિયાદમાં આરોપીનું નામ આપ્યા બાદ ફરિયાદીનું વિષેશ નિવેદન તથા સાહેદોનાં નિવેદન મેળવેલ. તેમજ આરોપી વિરુદ્ધ ગુન્હો કર્યા અંગેનો કોઈ પુરાવો મળેલ ના હોય જેથી પુરાવાનાં અભાવે આરોપીની વિરૂદ્ધ આરોપનામું ધડવામાં આવેલ ન હોય, વર્ગ–બી સમરી ભરેલ છે.

(૦૪) સદર કામે રજુ થયેલ વર્ગ–બી સમરીની અરજી, આખરી અહેવાલ તથા સાથે રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજોને ધ્યાને લીધા. સદર કામે એફ.આઈ.આર. ધ્યાને લેતાં બી.એન.એસ. ની કલમ–૧૧૮(૨), ૧૮૯(૨)(૪), ૧૯૧(૨)(૩), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબની દાખલ થયેલ છે. જે બાબતે કાયદાકીય જોગવાઈ ધ્યાને લીધી. સદર કામે ફરિયાદીની ફરિયાદને ધ્યાને લેતાં આ કામનાં ફરિયાદીને આ કામનાં આરોપી ઘેલો ઉર્ફે લાલો બાંભવા સાથે થોડા દિવાસ પહેલા તેની પત્નિને રીક્ષામાં બેસાડવા બાબતે બોલાચાલી થયેલ હોય જે બાબતે ફરિયાદી વિરૂદ્ધ ફરિયાદ થયેલ અને જામીન ઉપર છુટી ગયેલ હોય જે બાબતનો ખાર રાખી આ કામનાં આરોપીઓ બાઈક તથા એકટીવા મોટર સાયકલ લઈ આવી ગેરકાયદેસર મંડળી રચી એકસંપ કરી પ્રાણઘાતક હથીયાર ધારણ કરી ફરિયાદીને આરોપીઓએ પ્રથમ મુંઢ માર મારીને તેમજ લોખંડનાં પાઈપ જેવા આક્રમક હથીયાર તથા લાકડાનાં ધોકા વડે ફરિયાદીને શરીરે આડેધડ માર મારી બંન્ને પગે ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ કરી તથા જમણા હાથની વચ્ચેની આંગળીએ પણ ઈજાઓ પહોંચાડી ગુન્હો કરી એકબીજાની મદદગીરી કરેલ હોવાનો આક્ષેપ છે. જ્યારે ફરિયાદીનું તા.૧૫/૦૪/૨૦૨૫ નાં રોજનું પોલીસ રૂબરૂ આપવામાં આવેલ નિવેદનને વંચાણે લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે, “મે તથા મારા મોટા બાપુનાં દીકરા એજાજભાઈ અબુભાઈ દલ વાળાએ મોવિયાનાં ઢોરે રહેતા અનવરભઆઈ હાલાળીનાં ઘરની બહાર રાખેલ સી.સી.ટી.વી ફુટેજ જોતાં જેમાં મેં ભરતભાઈ ભરવાડનું નામ આપેહ હોય પરંતુ તે મારવામાં ન હોય" નું જણાવેલ છે. તેમજ ફરિયાદીએ આંક–૦૨ થી પુરસીસ રજુ કરી સદરહું કામે તેઓને કોઈ જ વાંધા–જવાબ આપવા નથી અને સદર સમરી તેઓ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જાહેર કરી તેઓને વર્ગ–બી સમરી મંજુર કરવા બાબતે કોઈ વાંધો ન

હોવાનું જણાવેલ છે. તેમજ સદર કામે રજુ કરવામાં આવેલ સાહેદોનાં નિવેદનોને ધ્યાને લેવામાં આવે તો સાહેદ હીરેનભાઈ ચંદ્રકાંતભાઈ પુજારા તેઓનાં નિવેદનમાં "સદર બનાવ બનેલ ત્યારે ભરત મારી મેડીકલે હાજર હતો" હોવાનું જણાવેલ છે તેમજ સાહેદ પરાક્રમસિંહ વનરાજસિંહ જાડેજા તેઓનાં નિવેદનમાં "સદર બનાવ બનેલ ત્યારે ભરત મારા એગ્રોની બાજુમાં આવેલ મેડીકલે હાજર હતો" હોવાનું જણાવેલ છે. જેથી સદર કામે પુરાવામાં તપાસ કરનાર અધિકારી દ્વારા આ સદર આરોપી વિરૂદ્ધ કોઈ પુરાવો સમગ્ર અહેવાલને ધ્યાને લેતાં જણાઈ આવતો નથી. જેથી ખુદ ફરિયાદી અને સાહેદો તેઓનાં નિવેદનમાં આરોપી ભરતભાઈ ભગવાનજીભાઈ બાંભવા વિરૂદ્ધ સદર ગુન્હાનાં કામે કોઈ ભાગ ભજવેલ ન હોવાનું જણાવતા હોય ત્યારે આ કામનાં માત્ર આરોપી ભરતભાઈ ભગવાનજીભાઈ બાંભવા વિરૂદ્ધ ફરિયાદ મુજબનો ગુન્હો બનતો ન હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવતુ હોય વર્ગ-બી સમરી રીપોર્ટ મંજુર થવા યોગ્ય જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

સદર કામે પડધરી પોલીસ સ્ટેશન પાર્ટ-ફર્સ્ટ ગુ.ર.નં. ११२१३०४२२५०२०१/२०२५ નાં ગુન્હાનાં કામે **માત્ર આરોપી ભરતભાઈ ભગવાનજીભાઈ બાંભવા પુરતી સદર વર્ગ-બી સમરી "મંજુર"** કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ તારીખ-૨૧મી, માહે-એપ્રિલ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧/૦૪/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પડધરી, જી.રાજકોટ,**
**UID GJ-1579**